ગાંધીનગર સમાચાર
તા. ૮-૪-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

સૌનો સાથ, સૌનો વિકાસ : ભાજપનો ચૂંટણી ઢંઢેરો

ભાજપનો ઢંઢેરો મોડે મોડે છેક ચૂંટણી પર્વના પહેલા દિવસે બહાર પાડીને પક્ષની નેતાગીરીએ અંદરોઅંદર પ્રવર્તતી દ્વિધાનું સ્વયંભૂ પ્રમાણપત્ર પાઠવી દીધું છે. રામજન્મભૂમિ પર ભવ્ય રામમંદિર બાંધવાની પ્રતિબદ્ધતા દાખવવામાં ઍનડીએના વડાપ્રધાનપદના ઉમેદવાર અવઢવમાં હોવાના કારણે જ ઢંઢેરો આટલો ઢીલમાં પડ્યો હોવાનું સૂત્રો જણાવી રહ્યાં છે. ઢંઢેરા સમિતિના કર્ણધાર ડૉ. મુરલી મનોહર જોષી આ મુદ્દાને વળગી રહેવા માગતા હતા. જ્યારે મોદી વિકાસના મુદ્દાને જમ્મુ-કાશ્મીરની ૩૭૦મી કલમ અને સમાન સિવિલ કોડ જેવા મુદ્દાઓ બાજુ પર રાખવામાં મોદીએ વ્યૂહાત્મક સફળતા એ રીતે મેળવી છે કે એમણે આ તમામ બાબતોમાં બંધારણીય મર્યાદા સ્વીકારીને કોઈપણ સમયબદ્ધ કાર્યક્રમ કરતાં અનુકૂળતાએ આગળ વધવાની જ વાત કરી છે. આ પ્રકારની બેવડી ચાલ પર વિરોધીઓને પસ્તાળ પાડવાની તક જરૂર સાંપડી છે. ભાજપ વિકાસના મુદ્દાને જ પ્રાથમિકતા આપવા માગે છે, એ ભાજપનો નહીં પણ મોદીનો મેનીફેસ્ટો છે, અર્થાત્ મોદી સરકારનો આ 'મોદીફેસ્ટો' છે, તેનો સ્પષ્ટ સંદેશ આપવાનો પ્રયાસ કરાયો છે. અહીં વિકાસના વિવિધ મુદ્દાઓ સમાજના તમામ વર્ગોને સ્પર્શે છે. અટલ બિહારી વાજપેયીએ ઍનડીએના ઘટક પક્ષોને અનુકૂળ એવા લઘુતમ સામાન્ય કાર્યક્રમનો અમલ કરવાનું નક્કી કર્યું હતું. મોદીએ આખી ચૂંટણી જીતી લેવાનો બોજ પોતાના ખભે ઉપાડી લીધો છે, 'એક ભારત, શ્રેષ્ઠ ભાર અને સૌનો સાથ, સૌનો વિકાસ.'-એ નરેન્દ્ર મોદીની જ સંકલ્પના છે. મૂળભૂત સુવિધાઓ ઉપરાંત વિકાસ ફૂચમાં ગતિ લાવવા માટે ૧૦૦ નગરોને બુલેટ ટ્રેનોથી જોડવાની વાત હોય કે નદીઓની ગ્રીડયોજના અથવા ગૅસગ્રીડ યોજનાનું વચન હોય, આ બધી હવાઈ કિલ્લા જેવી બાબતોનો સમાવેશ કરવાની સાથે મનરેગા, રોજગારી, શિક્ષણ, આરોગ્ય-દરેક રાજયમાં 'એમ્સ' હોસ્પિટલ, ઝૂંપડાની જગ્યાએ સસ્તાં મકાન જેવી મીઠી મધ બાબતો ઉપરાંત અન્ય ક્ષેત્રોમાં વિદેશી રોકાણના સ્વાગત સાથે રિટેલમાં 'ઍફ ડીઆઈ'ને મંજૂર નહીં કરવાની વાત કરી નાના વેપારીઓને હૈયાધારણા આપી છે. લઘુમતી મતદાતાઓ માટે પાર્ટી પાસે મદરસાના આધુનિકીકરણ સિવાય વિશેષ કશું પૅકેજ નથી. પછાત રાજયોને વિશે પૅકેજ આપવાને બદલે વડાપ્રધાન કાર્યાલય સાથે સાંકળવાનું વચન અપાયું છે. સૌથી મહત્વની બાબત છે મોંઘવારીનો ઉકેલ આણવાની અને ટૅક્ષ પદ્ધતિમાં આમૂલ પરિવર્તન કરી કરચોરી રોકવાની, કાળાબજાર પર નિયંત્રણ લાદવાની અને વિદેશમાંથી કાળું નાણું પાછું લાવવાની ગૅરંટી તથા સ્વર્ણિમ ચતુર્ભુજમાં બુલેટ ટ્રેન તદુપરાંત ઈ-ગવર્નસ અને ગામેગામને ઈન્ટરનેટથી જોડવાનું વચન, જે નવી પેઢીને આકર્ષે છે. આ બધું કેટલું શકય છે તે તો સત્તા પર આવ્યા પછીના સરકારના વલણ પરથી જ સમજી શકાય. હાલ પૂરતું તો ભાજપના ઢંઢેરામાં દરેક વર્ગને આકર્ષવા માટે કંઈનું કંઈ લોલીપોપ હાજર છે. કોંગ્રેસને અને અન્ય બિનસાંપ્રદાયિક પક્ષોને ભાજપ ફરી એકવાર હિંદુત્વનું કાર્ડ સિફતપૂર્વક ઊતરી રહ્યું હોવાનું લાગી રહ્યું છે. મોદીને એમના નેતા તરીકે આગળ ધરવા પાછળ પણ ગોધરા પછીના રમખાણોમાં મોદીએ ભજવેલો ભાજ જ જવાબદાર ગણાવાયો છે. સુશાસન અને સર્વ સમાવેશી, સર્વદેશીય વિકાસ એ મોદીના મૂળમંત્ર છે, જે આ ઢંઢેરામાં પ્રતિબિંબિત થયેલ છે. મોદીએ પોતાના વિશે ચાલી રહેલી શંકા-કુશંકાઓનું નિરસન કર્યું છે. મનરેગાને કૃષિ સાથે જોડવાની વાત કરી ખેડૂતોને રાજી કરવાનો પ્રયાસ કરાયો છે. મોંઘવારી કાબૂમાં લાવવા વિશેષ ફંડની વ્યવસ્થા અને કાળાબજારિયાઓ માટે ખાસ અદાલતોની ચર્ચા છે પરંતુ રોજગારીના મુદ્દે કે ગૅસ સિલિન્ડર જેવા રોજિંદી જરૂરીયાતની બાબતોને ઢંઢેરામાં સ્થાન નથી. હિંદુસ્તાનને વિશ્વ મહાસત્તા બનાવવા માટેનો સંકલ્પ નવી પેઢીને આકર્ષશે પરંતુ રામમંદિર મુદ્દે જ અવઢવ ભર્યો અભિગમ રખાયો છે તે ભાજપની મર્યાદા બની રહેશે. કોંગ્રેસે ચૂંટણીના જ દિવસે 'મોદીફેસ્ટો' જાહેર કરવાની બાબતને ઈરાદાપૂર્વકનું કૃત્ય ગણાવી ચૂંટણીપંચને ફરિયાદ પણ કરી છે. પ્રજા આ ઢંઢેરા સામે જુએ છે કે મોદીનું મોઢું જોઈને મત આપી દે છે, એનું પૃથક્કરણ રસપ્રદ બની રહેશે.

સોનગઢ ખાતે વનવાસી બાળકો માટે ૬ દિવસીય ગુજકેટ તાલીમ શિબિર યોજાઈ

ગજાનન સમિતિ દ્વારા ભગીરથ કાર્ય કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૭

વનવાસી વિસ્તારના બાળકો માટે છ દિવસીય ગુજકેટ તાલીમ વર્ગ યોજવામાં આવ્યો હતો. તાપી જિલ્લાના સોનગઢ ખાતે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની કારકિર્દી માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગરની સેવાકીય સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભગીરથ કાર્ય કરવામાં આવ્યું હતું. સોનગઢ આર્ટસ એન્ડ કોમર્શ કોલેજ ખાતે બે મહિનાથી ગુજકેટના તાલીમ વર્ગો ચલાવવામાં આવતા હતા. ધોરણઃ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે તાલીમ વર્ગો ચલાવવામાં આવ્યા હતા.

જેમાં નિઝર તાલુકાની ૧૦ ઉચ્છલ તાલુકાની ૧૨, ઉખલદાની-૧૧, માંડલની-૨૩ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ જોડાયા હતા. તાલીમ વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા અપડાઉન માટેનું ભાડુ પણ ચૂકવવામાં આવતુ હતુ. અહિંયા સાયન્સના વિદ્યાર્થીઓને ગુજકેટને લગતી જરૂરી માહિતી પુરી પાડવામાં આવતી હતી.

યુવાનોને વ્યસન મુકત કરવા માટે વિશાળ વાહન રેલીનું આયોજન

ગાંધીનગર, તા.૭

ડૉ. આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે વ્યસન મુકિત અભિયાન હેઠળ વિશાળ વાહન રેલીનુંઆયોજન રાષ્ટ્રીય હિત રક્ષક દળ ગુજરાત રાજય દ્વારા કરવામાં આવ્યું છે. રેલી ઘ-૦થી વિધાનસભાની પ્રતિમા ખાતે પહોંચશે.

રાષ્ટ્રીય હિત રક્ષક દળના સંયોજક હસમુખ સકસેનાએ જણાવ્યું હતું કે આગામી ડૉ. બાબા સાહેબના જન્મ જયંતિ નિમિત્તે શહેરમાં વિશાળ રેલી યોજશે. વ્યસન મુકિત જાગ્રતિ માટે રેલી યોજવામાં આવશે.

તા.૧૪ એપ્રિલ સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકેઘ-૦ઈન્ફોસિટીથી ભીમ વંદના કરી દલીત સમુદાયના યુવાનો પોતાનુંબાઈક, કાર, લઈ રેલીમાં જોડાશે. રેલી ઘ-૦ થી પ્રસ્થાન કરશે. જેમાં ઘ-૬ થી ચ-૬ થઈને સવારે ૧૧-૦૦ કલાકે વિધાનસભા સામેની પ્રતિમા ખાતે પહોંચશે. બાબાસાહેબની પ્રતિમાને ફુલહાર કરી તેમણે આપેલા યોગદાન, સામાજીક વિચારો પર પ્રકાશ પાડવામાં આવશે. તેમજ યુવાનોને વ્યસન મુકત થવા માટે આહવાન કરવામાં આવશે. યુવાનોને એક બનો, નેક બનોના વિચાર સાથે શિક્ષિત બનવા પર ભાર મુકવામાં આવશે.

યુનાઈટેબલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેકટર-૩-ડી રામેશ્વર મંદિર ખાતે એક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. (કશ્યપ નિમાવત)

ઉત્તરવહી ક્યાંની છે તે હજુ બોર્ડ નક્કી કરી શક્યું નથી

અમદાવાદ, તા.૦૭

વડોદરાનાં હાલોલ-જરોદ રોડ પાસે ધોરણ-૧૨ કોમર્સમાં સંસ્કૃત વિષયની ૩૯ ઉત્તરવહીઓ રસ્તે રઝળતી આવવાની ઘટનાને પગલે રાજયભરના વિદ્યાર્થીઓ અને વાલીઓના ઉત્તરવહીઓ પોતાની તો નથી ને? તેને લઈને જીવ પડીકે બંધાયા છે, ત્યારે છ-છ દિવસની ઘટના બાદ પણ હજુ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ૩૯ ઉત્તરવહીઓ ક્યાં કેન્દ્રની હતી તે નક્કી કરી શક્યું નથી. તો બીજીબાજુ બોર્ડની આ પ્રકારની ઢીલી અને પ્રકરણ દબાવી દેવા માટે થઈ રહેલી કામગીરી સામે શિક્ષણવિદો, વિદ્યાર્થી અને વાલીઓમાં સખત નારાજગી છવાઈ ગઈ છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૨ કોમર્સની સંસ્કૃત વિષયની ૩૯ ઉત્તરવહીઓ રસ્તે રઝળતી મળી આવવાની ઘટના બહાર આવીને પાંચ દિવસ થઈ ગયા છે, છતાં બોર્ડ દ્વારા અતિ ગંભીર બાબતને હજુ સુધી કોઈ પગલાં લીધા નથી.

આશ્ચર્યની વાત તો એ છે કે તપાસ તપાસ હાથ ધરવાનો દાવો કરનાર બોર્ડના અધિકારીઓએ હજુ સંસ્કૃતની ૩૯ ઉત્તરવહીઓ કયા કેન્દ્રની હતી, તે જ નક્કી કરી શક્યું નથી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ભૂલ માટે તત્પરતાંથી પગલા ભરવા માટે ટેવાયેલ બોર્ડ ખુદની પોતાની ભૂલનો સ્વીકાર કરવાની સાથે ઉત્તરવહીઓ કોની છે, તે તપાસ ક્યારે કરશે તે એક પ્રશ્નાર્થ છે. બીજી તરફ તેને લઈને સતત ટેન્શનમાં આવી ગયેલા વિદ્યાર્થી-વાલીઓ સમક્ષ ઉત્તરવહીઓ ક્યાં સેન્ટરની હતી તેમજ ૩૯ ઝડપી તપાસ કરીને તેની સતત જાણકારી વિદ્યાર્થી-વાલીને મળે તે રીતે મુકવી જોઈએ. તેવી માંગ કરી રહ્યા છે.

આપત્તિઓને દૂર રાખતું સુંદર મજાનું ॥ શ્રીરામાષ્ટકમ્ ॥

(આ સ્તોતની રચના પરમહંસ સ્વામીશ્રી બ્રહ્માનંદે કરેલી છે. છંદ શ્રવણ મધુર અને સ્તોતને અનુરૂપ છે. શ્રી રામ માટે ક્રમશઃ જે વિશેષણો પ્રયોજાયા છે તેમાં આદિથી અંત સુધીનું શ્રી રામ ચરિત છે.)

કૃતાર્તદેવવંદનં દિનેશવંશ નંદનમ્ ।
સુશોભિભાલચન્દનં નમામિ રામમીશ્વરમ્ ॥

હું ઈશ્વર રામને નમન કરું છે. અસુરથી ત્રાસ પામેલા દેવો તેમને વંદન કરે છે. સૂર્યવંશમાં તે પુત્ર તરીકે જન્મ્યા છે. તેના લલાટમાં ચંદનની સરસ શોભા છે (૧)

મુનીન્દ્રયજ્ઞકારકં શિલાવિપત્તિહારકમ્ ।
મહાધનુર્વિદારકં નમામિ રામમીશ્વરમ્ ॥

શ્રેષ્ઠ મુનીઓને એમણે યજ્ઞો સંપન્ન કરાવ્યાં છે અહલ્યાની શિલાની વિપત્તિને એમણે દૂર કરી છે.

એમણે શિવના મહાન ધનુષ્યનો ભંગ કર્યો છે. (૨)

સ્વતાતવાકયકારિણં તપોવને વિહારિણમ્ ।
કરેષુ આપધારિણં નમામિ રામમીશ્વરમ્ ॥

તે પોતાના પિતાનાં વચનોને પાળનારા છે. તે તપોવનમાં વિહાર કરનારા છે. તે હાથમાં ધનુષ્યને ધારણ કરી રાખે છે. (૩)

કુરંગ મુક્તસાયકં જટાયુમોક્ષદાયકમ્ ।
પ્રવિદ્ધકીશનાયકં નમામિ રામમીશ્વરમ્ ॥

તે સુવર્ણમૃગ પર બાણ છોડનારા છે. તે જટાયુને મોક્ષ દેનારા છે. વાનર વાલીને મારીને તે વાનરોના નાયક બને છે (૪)

પ્લવંગ સંઘ સંમતિં નિબદ્ધનિમ્નગાપતિમ્ ।
દશાસ્યવંશસંક્ષતિં નમામિ રામમીશ્વરમ્ ॥

સૌ વાનરોનો સમૂહ તેમને આદર આપે છે. તેમણે સમુદ્રને સેતુથી બાંધી લીધો છે. તે રાવણના વંશનો નાશ કરનારા છે (૫)

વિદીનદેવહર્ષણં કપીપ્સિતાર્થવર્ષણમ્ ।
સ્વબંધુશોકકર્ષણં નમામિ રામમીશ્વરમ્ ॥

તેમને કારણે, ગૌરવ અનુભવતા દેવોને આનંદ થાય છે તે વાનરોની બધી ઈચ્છાઓને પૂરી કરનારા છે. તે પોતાના સ્વજનોનો શોક દૂર કરનારા છે. (૬)

ગતારિરાજયરક્ષણં પ્રજાજનાર્તિભક્ષણમ્ ।
કૃતાસ્તમોહલક્ષણં નમામિ રામમીશ્વરમ ॥

તે શત્રુ પાસેથી જીતાયેલા રાજયનું પણ રક્ષણ કરનારા છે. પ્રજાજનોની વેદનાને તે દૂર કરે છે. તેઓની ભ્રાન્તિનું તે નિવારણ કરનારા છે.(૭)

હલા ખિલાયલાભરં સ્વધામનીતનાગરમ ।
જગત્તમોહિવાકરં નમામિ રામમીશ્વરમ્ ॥

તે સમગ્ર સંસારનો ભાર હળવો કરે છે. તે પોતાની સાથે વિષ્ણુધામમાં પ્રિય નગરજનોને સાથે લઈ જનારા છે. તે વિશ્વના અંધકારને દૂર કરનાર સૂર્ય છે. (૮)

ઈદં સમાહિતાત્મના નરો રઘૂત્તમાષ્ટકમ્ ।
પઠેન્નિરંતરં ભયં ભવોદ્ભવં ન વિન્દતે ॥

જો કોઈ મનુષ્ય એકાગ્રચિત્તે સતત રામના આ ઉત્તમ અષ્ટકનો પાઠ કરતો હોય તો તે આ સંસારમાં કોઈપણ પ્રકારની આપત્તિના ભયને પામતો નથી. (૯)

- રશ્મિકાન્ત મહેતા

'અકૂપાર' નાટક ધારદાર... ગાંધીનગરમાં ગર્જ્યા ગીરના સિંહો...!!

'જંગલોમાં રહેનારાંઓ જંગલી કહેવાય છે, પણ સાચાં 'જંગલી'ઓ તો બહારથી આવી પ્રકૃતિનું સંતુલન ખોરવે છે..' વનરાજને તારાજ કરવાની પ્રવૃત્તિ પર પ્રહાર કરતું 'અકૂપાર' એટલે સિંહની ત્રાડ પાડતું નાટક : નવલકથાકાર ધ્રુવ ભટ્ટ અને દિગ્દર્શિકા અદિતિ દેસાઈનું ઉત્તમ નાટ્ય સર્જન...

પૃથ્વી એ શેષનાગના ફેણ ઉપર ઉભી છે અને શેષનાગએ કાચબાના પીઠ પર બેસેલો છે એવી પ્રાચીન લોકવાયકા છે અને એ માટે 'અકૂપાર' એવો શબ્દ વપરાય છે.. અને જો આવું જ હશે તો પૃથ્વીનું જે બિંદુ કાચબો અને શેષનાગના આધારે ટક્યું હશે એ ભાગ બરાબર ગીરના નીચે હશે, એવાં આધાર સાથે ગીરના જંગલ, સાવજ અને માલધારીની વાતોની હૃદય સ્પર્શી રજૂઆત એટલે 'અકૂપાર' અને એમાં લેખક ધ્રુવ ભટ્ટ નવલકથાનું નાટ્ય રૂપાંતર એનું મૂળ સત્વ ટકાવી રાખવું એટલે વન-ડે માંથી ટી-૨૦માં પર્ફોમ કરવાં જેવી વાત, લેખકની દૃષ્ટીએ અદિતિ દેસાઈએ શકય એટલો ઓરિજીનલ ટચ આપી ગીર, વસ્તી, સિંહો-પક્ષીઓના અવાજને સાઉન્ડ ઈફેક્ટથી દૃશ્યો ખડા કરી હૃદયસ્પર્શી ઉત્તમ સર્જન આપ્યું છે.

ગરવાં ગરી ગિરનાર જેવું જ ઉચ્ચ કક્ષાનું નાટક 'અકૂપાર' ગુજરાત રાજયના કમિશનર, યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના હસ્તકનાં સંસ્કૃતિ કુંજ પ્રતિષ્ઠાનનાં ઉપક્રમે અને 'સંસ્કૃતિ' સંસ્થા ગાંધીનગરના નેજા હેઠળ ગાંધીનગર ટાઉન હોલમાં ભજવાયું... માણસ પ્રકૃતિ પાસેથી લેવામાં જ માને છે અને વનની સમૃદ્ધિમાં વધારો કરવામાં કશું કાંઈ યોગદાન આપતો નથી. ગીર જેવાં જંગલોમાં ત્યાં રહેતાં માલધારીઓની વસ્તી જંગલની અને વનરાજની ચિંતા કરે છે. 'જંગલમાં રહેનારાઓ જંગલી કહેવાય છે પણ સાચા 'જંગલી' ઓ તો જંગલની બહારથી આવે છે અને જંગલમાં બે-ચાર દિવસ રહી જંગલીવેડા કરતાં જાય છે. જે જંગલમાં રહે એ તો પ્રકૃતિ અને પ્રાણીઓ બંને સાથે મેળ પાડી લે છે. '

ગીરની ધરતી એટલે સિંહોની સભા. ગીરના માલધારીઓ અને સિંહો વચ્ચે ઘરોબો છે. ખરેખર તો જંગલો એ માણસો સિવાયના જીવો માટે જ હતાં. પણ આ માણસ બરાબર નથી. જ્યાં ને ત્યાં પગપેસારો કરવાં માંગે છે, એ જંગલમાં ગયો અને વનરાજને તારાજ કરવાની પેરવીમાં લાગ્યો, શહેરનો રાજા જંગલમાં રાજની સત્તા ઉથલાવા ગયો, પછી એ બાકી મૂકે? સિંહો હિંસક થઈ હુમલા કરે છે એવાં ન્યૂઝ છપાય છે, પણ હકીકતે તો માણસ જંગલમાં સખણો રહેતો નથી, પ્રાણીઓ તો માણસો સાથે હળીમળીને રહી લે છે, પણ માણસોને પ્રાણીઓ સાથે રહેતાં ના આવડ્યું. જેવાં કેટલાંય હૃદય સોસરવા નિકળી જતાં સંવાદોથી આ નાટક સમૃદ્ધ છે...

ઉઘડતે પડદે
–સંજય થોરાત
hellogandhinagar@gmail.com

ગીર જેમણે જોયું હોય એમના માટે ગીરની સહેલ અને ના જોયું હોય એને ગીરનો પ્રવાસ જેવાં સ્ટેજ અને દૃશ્યો એટલે 'અકૂપાર'. નાટકની શરૂઆતમાં એક ચિત્રકાર (અભિનય બેન્કર) ગીરમાં પ્રકૃતિના ચિત્રો દોરવાં આવે છે ,એ ત્યાં આવે છે પણ ગીરમાં જ કેમ આવ્યો? તેનું તે રહસ્ય પામી શકતો નથી. ધીમે ધીમે એ ગીરીજનોના સંપર્કમાં આવે છે અને અવનવાં અનુભવો થતાં જાય છે. એને અનેક દૃશ્યો એવાં જોવા મળે છે જે ક્યારેય એના કેન્વાસ પર ઉતાર્યા નથી. નેસમાં રહેલી સ્ત્રીઓ અને સિંહો સાથેનો ઘરોબો. એમણે તો સિંહના 'બચોળિયા'ના સરસ નામો પણ રાખ્યા છે.

સંસાઈ નામની ચુલબુલી સુંદરી અને ગ્રામીણ ઠસ્સો લોભાવન હોય છે. એની ઝાંઝરીઓને પણ ગીરના સિંહ ઓળખે છે. ત્યાંની સ્ત્રીઓ પુરુષ કરતાંય પાવરદી એટલે પુરુષોને એની 'વાંહે વાંહે' ચાલવું પડે અને તો જ એનું રક્ષણ થાય.. 'આઈમા' (રક્ષા નાયક)? વડીલ સ્ત્રીની ભૂમિકામાં જાણે એક ભાર ઉપાડી લે, એ ઘરનુંય ધ્યાન રાખે અને ગામનુંય, કોઈ નાત-જાતનાં ભેદભાવ નહીં. ગાય-ભેંસના દૂધ પર સંસારનું ગાડું દોડે... ગાયનું મરણ થાય અને જાણે આપ્તજન ગયાં જેવો શોક વર્તાય, કાળો સાલ્લો ઓઢાળાય અને દિવો પણ કરાય. માંની મૃત્યુ જેવાં મરશિયા ગવાય અને છાતી કુટાય, અંતર વલોવી ઉઠે એવું આ હૃદય દ્રાવક દૃશ્ય સાથે પ્રથમ અધ્યાય પર પરદો પડી જાય.. ૧૦ મીનીટનો બ્રેક જાણે કે આંસુ લૂંછવા અને મોઢું ધોવા જ રાખ્યો હોય એવું જ લાગે...!

નાટકમાં એક આફ્રિકન યુવતી દોરોથી (બ્રિન્દા ત્રિવેદી) જે સંશોધન અર્થે ગીરમાં આવેલી છે, તેનું કાર્ય પતતાં તે નેસમાં છેલ્લી વાર સૌને મળવાં આવી છે. તેનાં રખેવાળ તરીકે પડછાયાની જેમ ફરનાર 'સિપાઈ' સાથે તેને બે જ શબ્દોનો સંવાદ છે. 'પ્રાબ્લેમ', 'નો પ્રોબ્લેમ' અને આમાંથી જ રમૂજો સર્જાય છે. જંગલમાં રાતની ઠંડીમાં તાપણી પાસે બેઠાં બેઠાં એ કાળું કપડું ઓઢે છે ત્યારે સિપાઈ એને કોટ આપીને કહે છે ક 'કાળું કપડું ઓઢીશ તો હાવજને ભેંશ બેઠી એવું લાગશે..' સિંપાઈને ત્રણ વર્ષના સાથથી પ્રેમમાં પાંગરી ઉઠે છે અને જ્યારે જવાની વાત આવે ત્યારે 'પ્રોબ્લેમ' કહીને ઉકળે છે.

એક બીજાં દૃશ્યમાં ગ્રામીણ સ્ત્રી રેલ્વે એન્જિનની બાધા લે છે. ચિત્રકાર સ્ત્રીને સમજાવે છે કે એન્જિન લોખંડનું હોય એની બાધા ના હોય. ત્યારે સ્ત્રી લોખંડનો બાટ થેલામાંથી કાઢીને કહે છે, લે લોઢાનો ટૂકડો એને એન્જિનની જેમ પાટા પર ચલાવી બતાવ? ટ્રેન આવે છે અને પેલી સ્ત્રી એની બાધા ત્યાં શ્રીફળ વધેરી પૂર્ણ કરે છે. ત્યારે એન્જિન ડ્રાઈવર એની શ્રદ્ધાને સલામ કરે છે નું દૃશ્ય પણ લાગણી સભર રહ્યું.. પ્રાણી હિંસક હોય છે અને માણસને ગમે

● અનુસંધાન પાના - ૭ પર